૯

ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૧૭-૧૮ માટે વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક:વવજ-૧૦૨૦૧૭-૮૪૫-અ.૧
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- /૧૨/૨૦૧૭
26 DEC 2017

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૦-૪-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: બીયુડી-૧૦૨૦૧૭-૧૬૪૩૧૬-બ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૯-૬-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: વવજ-૧૦૨૦૧૭-૮૪૫-અ.૧
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૪-૯-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: વવજ-૧૦૨૦૧૭-૮૪૫-અ.૧
(૪) મેનેર્જીંગ ડીરેક્ટર, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો તા.૦૫-૧૨-૨૦૧૭નો પત્રક્રમાંક:ગુ.વિ.વિ.વિ.નિ./૨૦૧૭-૧૮/૬૪૮૦

ઠ રા વ:-

વંચાણ હેઠળના ક્રમાંક: (૧) સામે દર્શાવેલ વિભાગના તા. ૧૦-૦૪-૧૭ ના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને નાણાકીય વર્ષ ૨૦૧૭ - ૧૮ માટે કચેરીના વહીવટી ખર્ચ માટે રૂ.૪૦.૦૦ લાખની( અંકે રુપિયા ચાલીસ લાખ પુરા) વહીવટી ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે વંચાણ હેઠળના ક્રમાંક: (૨) પરના વિભાગના તા.૧૯/૬/૨૦૧૭ના ઠરાવથી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રથમ હપ્તા પેટે કુલ ગ્રાન્ટના ત્રીજા ભાગની ગ્રાન્ટ એટલે કે રૂ.૧૩.૩૩ લાખ(રૂપિયા તેર લાખ તેત્રીસ હજાર પુરા) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા મારફત ગુજરાત વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મુકવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણ હેઠળના ક્રમાંક: (૩) પરના વિભાગના તા.૧૪/૯/૨૦૧૭ના ઠરાવથી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે બીજા હપ્તા પેટે કુલ ગ્રાન્ટના ત્રીજા ભાગની ગ્રાન્ટ એટલે કે રૂ.૧૩.૩૩ લાખ(રૂપિયા તેર લાખ તેત્રીસ હજાર પુરા) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા મારફત ગુજરાત વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણ હેઠળના ક્રમાંક: (૪) પરના તા.૦૫-૧૨-૨૦૧૭ના મેનેર્જીંગ ડીરેક્ટર, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના પત્રથી કુલ રૂ.૪૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી કુલ ગ્રાન્ટની ત્રીજા હપ્તા પેટે

ફાળવણી કરવાની થતી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મુકવાની મંજૂરી આપવાની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે કુલ રૂ.૪૦.૦૦ લાખની વહીવટી ફાળાની ગ્રાન્ટમાંથી ત્રીજા હપ્તા પેટે કુલ ગ્રાન્ટ પૈકી બાકીની ગ્રાન્ટ એટલે કે રૂ.૧૩.૩૪ લાખ(રૂપિયા તેર લાખ ચોત્રીસ હજાર પુરા) ગુજરાત વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

૨. સને ૨૦૧૭-૧૮ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૩. નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૪. આ અંગેનો ખર્ચ સને ૨૦૧૭-૧૮ના અંદાજપત્રકમાં મંજૂર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

૫. નાણાકીય ઔચિત્યના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૬. હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

૭. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્રસચિવશ્રી(સા.ન્યા) ની તા.૧૯-૧૨-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. એમ. ઘાંચી )
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ.